સંગીત, નૃત્ય, નાટ્ય અને લોકકલા ક્ષેત્ર માટેના
ગૌરવ પુરસ્કાર પસંદગી સમિતિની રચના કરવા
બાબત.

ગુજરાત સરકાર
રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસનઅ/૧૦૨૦૧૬/૩૯૬/અ,
સચિવાલય ગાંધીનગર.
તા.૦૫/૦૫/૨૦૧૬

વંચાણમાં લીધા

(૧) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનો તા.૭/૪/૧૯૯૪નો ઠરાવ ક્રમાંકઃસનન/૧૦૪૪/૨૧૯/અ,
(૨) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનો તા.૭/૯/૧૯૯૫નો ઠરાવ ક્રમાંકઃસનન/૧૦૯૧/૮૦૯/અ,
(૩) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનો તા.૧/૦૩/૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃસનઅ/૧૦૨૦૦૭/૫૫૬/અ,
(૪) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનો તા. ૧૧-૦૭-૨૦૧૧ નો ઠરાવ સનઅ/૧૦૨૦૧૧/સિ.વિં.૧૯/અ,
(૫) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનો તા.૨૩/૦૫/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃસનન/૧૦૨૦૧૩/૭૩૦/અ,
(૬) ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ સનઅ/ગૌ.પુ./૨૦૧૬-૧૭/એ-૧/૭૩૯ તા.૦૨/૦૫/૨૦૧૬

પ્રસ્તાવના:

રાજયમાં સંગીત, નૃત્ય, નાટય અને લોકકલા ક્ષેત્રે ગણનાપાત્ર પ્રદાન કરનાર નામાંકિત કલાકારોને પુરસ્કાર એનાયત કરવાની રાજય સરકારની યોજના અમલમાં છે. સામાન્ય રીતે ગુજરાત સંગીત નાટક અકાદમીની સામાન્ય સભા આ અંગેના નામાંકનો એકઠાં કરીને પુરસ્કારપાત્ર કલાકારોના નામની પસંદગી કરતી હોય છે. પરંતુ વહીવટી કારણોસર અકાદમીની સામાન્ય સભા અસ્તિત્વમાં ન હોઇ, વંચાણે લીધેલ ક્રમાંક-૪ અને ક્રમાંક-૫ ના ઠરાવને ધ્યાને લેતાં તેમાં અપવાદરૂપ કિસ્સામાં રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવાની થતી હતી. હાલમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરની સામાન્ય સભા અસ્તિત્વમાં હોવાથી પુરસ્કારપાત્ર કલાકારોના નામની પસંદગી કરનાર સમિતિમાં તેમના પ્રતિનિધિત્વની અનિવાર્યતા જણાતા સમિતિની પુનઃ રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, આથી નીચે મુજબની સમિતિની પુન: રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | માન.મંત્રીશ્રી, (રમતગમત) સ્વર્ણિમ સંકુલ, સચિવાલય ગાંધીનગર. | અધ્યક્ષશ્રી |
| ૨. | અધિક મુખ્ય સચિવશ્રી અથવા અગ્રસચિવશ્રી અથવા સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ. સચિવાલય, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૩. | કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૪. | અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૫. | નાણા સલાહકારશ્રી, (રમતગમત) , નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૬. | સંયુક્ત સચિવશ્રી(સાં.પ્ર) અથવા નાયબ સચિવશ્રી(સાં.પ્ર.) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ. સચિવાલય, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૭. | સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર. | સભ્ય સચિવશ્રી |

૨. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરે સંગીત, નૃત્ય, નાટય અને લોકકલા ક્ષેત્રોમાં ગણનાપાત્ર કાર્યમાં પ્રદાન કરનાર કલાકારોના નામાંકન અંગેની વિગતો એકઠી કરી, ચકાસણી કરી, વિષય તજજ્ઞના દ્રષ્ટિકોણથી (ગુણભારના આધારે) ભલામણ યાદી રજુ કરવાની રહેશે. તે પૈકીના કલાકારોમાંથી ત્રણ-ત્રણ કલાકારની દરેક ક્ષેત્રમાં જે તે વર્ષ માટે ગૌરવ પુરસ્કારના એવોર્ડ માટેની પસંદગી, સમિતિએ સર્વસમંતીથી કરવાની રહેશે અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર પસંદગી યાદી જાહેર કરશે અને રાજ્યકક્ષાના એવોર્ડ સમારંભનું આયોજન કરવાનું રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બિપિન જાદવ)
સેકશન અધિકારી
રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,
ગુજરાત સરકાર

...P-3

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. ( પત્ર દ્વારા )
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (રમતગમત) સચિવાલય ગાંધીનગર.
- સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ સચિવાલય ગાંધીનગર.
- કમિશનરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી અને નાણા સલાહકારશ્રી(ર.ગ.), નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત સંગીત નાટક અકાદમી, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત સંગીત નાટક અકાદમી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ક-શાખા,રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મનેજરશ્રી, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તરફ ઠરાવ અપલોડ કરવા સારૂ.
- સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.